૮૦/૮

નં.- એમવીએ/કામગીરી/આઇટીઆઇ/7409
વાહન વ્યવહાર કમિશનરની કચેરી
બ્લોક નં.-૬, બીજો માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
તારીખઃ- ૦૯.૧૦.૨૦૧૯. 9 OCT 2019

પ્રતિ,
નિયામકશ્રી,
રોજગાર અને તાલીમ
બ્લોક નં.- ૨, ત્રીજો માળ,
જુના સચિવાલય, ગાંધીનગર.

વિષયઃ- લર્નીગ લાયસન્સની કામગીરી આઇ.ટી.આઇ. ખાતે શરૂ કરવા બાબત.

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, સરકારશ્રી કક્ષાએથી નકકી થયા મુજબ શિખાઉ લાયસન્સની કામગીરી આરટીઓ કક્ષાએ બંધ કરી રાજયની તમામ આઇ.ટી.આઇ. ખાતે થી શરૂ કરવાનું નકકી કરેલ છે. જે અંગે નીચે મુજબ કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

(૧) સરકારશ્રી દ્વારા પ્રતિ લાયસન્સ દીઠ રૂા. ૧૦૦/- આઇ.ટી.આઇ.ને આપવાનું નકકી કરેલ છે.

(૨) રૂા. ૧૦૦/- ના ખર્ચમાં આઇ.ટી.આઇ.ની લાઇટ, હાર્ડવેર, ઇન્સ્ટ્રકટર અને આચાર્યશ્રીનું મહેનતાણું અને સ્ટેશનરીનો સમાવેશ થાય છે.

(3) આઇ.ટી.આઇ. આચાર્યશ્રીને આઇ.ટી.આઇ. દીઠ આચાર્યશ્રી અને ઇન્સ્ટ્રકટરને લોગીન આઇ.ડી. અને પાસવર્ડ આરટીઓના પરામર્શમાં કરવાના રહેશે.

(૪) કોઇપણ આચાર્ય કે ઇન્સ્ટ્રકટર રજા ઉપર જાય તો પણ તેના અલગથી લોગીન આઇ.ડી. અને પાસવર્ડ ક્રિએટ કરવાના રહેશે અને ચાર્જ સુપ્રત કરવાના રહેશે.

(૫) તા. ૧૧.૧૦.૨૦૧૯ ના રોજ તાલીમ આચાર્યશ્રી અને ઇન્સટ્રકટરશ્રીને તાલીમ સ્થાનિક અનૂકૂળતા પ્રમાણે આર.ટી.ઓ.ના પરામર્શમાં ગોઠવવાની રહેશે.

Scanned by CamScanner
Scanned by CamScanner

(૬) આઇ.ટી.આઇ.ની અધ્યતન યાદી, નામ-સરનામાં, ટેલીફોન નંબર, મોબાઇલ નંબર અને ઇન્સ્ટ્રકટર અને આચાર્યશ્રીઓની યાદી તાત્કાલિક અસરથી મોકલી આપવાની રહેશે.

(૭) લર્નીંગ લાયસન્સની કામગીરી માટે ઓટોમોબાઇલ અને મીકેનીકલ ટ્રેડના તેઓના તાલુકાઓના હકુમત પૂરતા ટેસ્ટીંગ ઓફીસર તરીકે કામગીરી કરવાની રહેશે.

વાહન વ્યવહાર કમિશનર
ગુજરાત રાજય, ગાંધીનગર.

<u>નકલ સવિનય રવાનાઃ-</u>

- અધિક મુખ્ય સચિવશ્રી, શ્રમ અને રોજગાર, બ્લોક નં.- ૬ નવા સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, વાહનવ્યવહાર, બ્લોક નં.-૨, બીજો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.

<u>નકલ રવાનાઃ-</u>

- પ્રાદેશિક/સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, તમામ.

Scanned by CamScanner
Scanned by CamScanner